**રાજકોટ મહાનગર પાલિકા**
**સાંસ્કૃતિક વિકાસ વિભાગ**
**ટેન્ડર નોટીસ**

રાજકોટ મહાનગરપાલિકાની **જુદી જુદી શાખાઓ માટે વિડીયોગ્રાફી સર્વિસ દ્વિવાર્ષિક ધોરણે પુરી પાડવા** તમામ કરવેરા સાથેનાં ભાવ આ કામનાં અનુભવી વિડીયોગ્રાફી એજન્સી/પેઢી પાસેથી ટુ બીડ પદ્ધતિથી સીલબંધ કવરમાં મંગાવવામાં આવે છે. રસ ધરાવનાર વિડીયોગ્રાફી એજન્સી/પેઢી આ કામનું ટેન્ડર (ટેકનીકલ બીડ તથા પ્રાઇસ બીડ) રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઇટ www.rmc.gov.in પરથી તા.૦૨/૧૨/૨૦૨૩ થી તા.૦૧/૦૧/૨૦૨૪ સુધી મેળવી શકાશે.

આ કામે ટેન્ડર ફી (નોન રીફેન્ડેબલ) ડી.ડી રૂ.૭૫૦/- તથા રૂ.૧૫,૦૦૦/- અર્નેસ્ટમની ડીપોઝીટની રકમનો ડી.ડી.નેશનલાઈઝડ બેંક / શેડયુલ બેન્ક (કો-ઓપરેટીવ બેન્ક સિવાય) નો રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટની તરફેણમાં જરૂરી દસ્તાવેજો સાથે રજુ કરવાનો રહેશે..

એજન્સી નક્કી થયે, ટેન્ડરની રકમના ૫% લેખે સીક્યુરીટી ડીપોઝીટ પેટે એજન્સીએ જમા કરાવવાના રહેશે.

ટેન્ડરમાં દર્શાવેલ તમામ બિડાણો સાથેના **ટેકનીકલ બીડ તથા શરતોનું પત્રક** હાર્ડ કોપીમાં રાજકોટ મહાનગરપાલિકા, ડો.આંબેડકર ભવન, સાંસ્કૃતિક વિકાસ વિભાગ, સેન્ટ્રલ ઝોન, રૂમ નં. ૦૫, ત્રીજો માળ, ઢેબરભાઇ રોડ, રાજકોટ ખાતે તા.૦૨/૦૧/૨૦૨૪ સુધીમાં સીલબંધ કવરમાં ઓફિસ અર્વસ દરમિયાન સ્પીડ પોસ્ટ/રજી.એ.ડી દ્વારા જ રજુ કરવાની રહેશે. આ વિગતો રજુ ન થયે ટેન્ડર આપોઆપ રદબાતલ થશે. ટેકનીકલ બીડ **તા.૦૩/૦૧/૨૦૨૪ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે** રાજકોટ મહાનગરપાલિકા, સેન્ટ્રલ ઝોન કચેરી, ઢેબરભાઇ રોડ, રાજકોટ ખાતે ખોલવામાં આવશે. ટેકનીકલ બીડમાં કવોલીફાઇ થનાર આસામીઓના જ પ્રાઇસ બીડ(ભાવો) **તા.૦૩/૦૧/૨૦૨૪ સવારે ૧૨:૦૦ કલાકે** ખોલવામાં આવશે. **"ટેકનીકલ બીડ તથા શરતોના પત્રક"ના તમામ પેઇજની હાર્ડ કોપી જરૂરી વિગતો, સહી સાથે તથા બિડાણો સાથે રજુ કરવાની રહેશે. આ કામે પ્રીબીડ મીટીંગ તા.૦૭/૧૨/૨૦૨૩ ના રોજ સવારે ૧૧:૪૫ કલાકે રાજકોટ મહાનગરપાલિકા સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે યોજવામાં આવશે.**

ટેકનીકલ બીડ તથા શરતોના પત્રકના કવર ઉપર પેઢી/સંસ્થાનુ પુરૂ નામ તથા સરનામું લખવાનું રહેશે. તેમજ કવર ઉપર **"જુદી જુદી શાખાઓ માટે વિડીયોગ્રાફી સર્વિસ દ્વિવાર્ષિક ધોરણે પુરી પાડવાનુ પત્રક"** એમ દર્શાવવુ.

ફક્ત ટેક્નીકલી ક્વોલીફાય થયેલ એજન્સીઓના જ ભાવો ખોલવામાં આવશે.

આવેલ ટેન્ડર કે તમામ ટેન્ડર સ્વીકારવા કે ન સ્વીકારવા તે અંગેનો હક્ક રાજકોટ મહાનગરપાલિકા અબાધિત રાખે છે.

સહી : સી.કે.નંદાણી
**નાયબ કમિશનર**
**રાજકોટ મહાનગરપાલિકા**